ISSN 2349-5596

# ગ્રીન ઇનસાઇટ્સ

ન્યુઝલેટર ઓન ઈકો-લેબલીંગ એન્ડ ઈકો ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ

વોલ્યુમ ૧૬ નંબર ૧, એપ્રિલ-જૂન ૨૦૨૧

CERC
Since 1978

# ગ્રીન સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ પર રિપોર્ટ ૨૦૨૦-૨૧




સ્પોન્સર્ડ બાય

મિનિસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ, ફોરેસ્ટ એન્ડ કલાઈમેટ ચેન્જ, ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા

ENVIS રિસોર્સ પાર્ટનર ઓન

એન્વાયરમેન્ટ લિટરસી - ઈકો-લેબલીંગ એન્ડ ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ

# ગ્રીન ઇનસાઇટ્સ

એપ્રિલ-જૂન ૨૦૨૧

શ્રી પ્રુફુલ અમીન
સીઇઆરસી, ચેરમેન

સંપાદકીય ટીમ
ઉદય માવાણી
ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર

અનિંદિતા મહેતા
ENVIS પ્રોજેક્ટ કોઓર્ડિનેટર

દિવ્યા નમ્બુથિરી
પ્રોગ્રામ ઑફિસર

અપેક્ષા શર્મા
ઇન્ફોર્મેશન ઓફિસર

હિરેન ટાંક
ડિઝાઇન અને ગ્રાફિક્સ

## અનુક્રમણિકા

પ્રસ્તાવના ૨

‘લેબોરેટરી ટેકનિશિયન /ટેકનિશિયન આસિસ્ટન્ટ ફોર એનર્જી એફિશિન્સી, સ્ટાર લેબલિંગ એન્ડ અધર ઇલેક્ટ્રિકલ ટેસ્ટીંગ ફોર એન્વાર્યનમેન્ટ ક્રાઇટેરિયા’ પર અહેવાલ 3



’લેબોરેટરી આસિસ્ટન્ટ ફોર ફુડ ટેસ્ટિંગ લેબોરેટરી વીથ ઇકો-ફ્રેન્ડલી પ્રેક્ટિસિસ’ પર અહેવાલ ૭



ઈવેન્ટસ (એપ્રિલ-જૂન ૨૦૨૧) ૧૧



## પ્રસ્તાવના

ગ્રીન સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ એ પર્યાવરણ ક્ષેત્રમાં સ્કિલ ડેવલપમેન્ટ માટેની પહેલ છે. ગ્રીન સ્કિલ વિકસાવવાની જરૂરિયાત સમજીને પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલય (MoEF&CC) એન્વાયર્નમેન્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમ (ENVIS) હબ્સ અને રિસોર્સ પાર્ટનર્સ (RPs)ના વિશાળ નેટવર્ક અને નિપુણતાનો ઉપયોગ કરી રહ્યું છે. ENVIS એ ૬૦ સેન્ટર્સનું વિકેન્દ્રીત નેટવર્ક છે, જેમાંથી રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો પર્યાવરણ અને સંબંધિત મુદ્દાઓ સાથે સંકળાયેલા ૨૬ સેન્ટર્સની યજમાન છે, જે ENVIS હબ્સ તરીકે ઓળખાય છે. પર્યાવરણ સંબંધિત સરકારી અને બિન-સરકારીસંસ્થાઓ બાકીના ૩૪ સેન્ટર્સનું યજમાન છે.

ગ્રીન સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામનો હેતુ ટેકનિકલ નોલેજ ધરાવતા ગ્રીન સ્કિલ્ડ વર્કર્સને તૈયાર કરવાનો અને સાતત્યપૂર્ણ ભવિષ્ય માટે પર્યાવરણની ગુણવત્તા જાળવવા તથા તેનું પુનઃસ્થાપન કરવામાં ફાળો આપવાનો છે. આ કાર્યક્રમમાં ઇકોસિસ્ટમનું રક્ષણ, ઊર્જા ઘટાડો અને કચરો તથા પ્રદૂષણ ઘટાડે તેવા રોજગાર ઉભો કરવા પર ફોકસ કરવામાં આવે છે. જળ વાયુ પરિવર્તનની પ્રક્રિયા, સર્વિસ અને પ્રોડક્ટ્સ તથા સંબંધિત પર્યાવરણીય નિયમનો અને જરૂરિયાતો સાથે અનુકુલન સાધવા ગ્રીન સ્કિલ્સ જરૂરી છે. તેમાં સાતત્યપૂર્ણ અને સંસાધનસભર સમાજના જીવન અને વિકાસ માટે જ્ઞાન, કુશળતા, મૂલ્યો અને અભિગમનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં સમગ્ર કોર્સના સમયગાળા દરમિયાન તાલીમ અને રહેવા-જમવાની સુવિધા મફત આપવામાં આવે છે.

સ્કિલિંગ પ્રોગ્રામમાં પોલ્યુશન મોનિટરિંગ (હવા/પાણી/જમીન), સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન, એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ અને કોમન એફ્લુઅન્ટ ટ્રીટીંગ પ્લાન્ટ્સ (STP/ETP/CETP) ઓપરેશન્સ, વેસ્ટ મેનેજમેન્ટ, ફોરેસ્ટ મેનેજમેન્ટ, વોટર બજેટિંગ, ઓડિટીંગ, રિવર ડોલ્ફિન્સની જાળવણી, વાઇલ્ડલાઇફ મેનેજમેન્ટ, પીપલ્સ બાયોડાઇવર્સિટી રજીસ્ટર (PBRs) સહિત પેરેટેક્સોનોમી, મેન્ગ્રોવ્ઝ કન્ઝર્વેશન, બામ્બુ મેનેજમેન્ટ અને લાઇવલીહુડ જનરેશન જેવા મુદ્દાઓનો સમાવેશ થાયછે. કોર્સનો સમયગાળો આશરે ૮૦ કલાકથી ૫૬૦ કલાક સુધીનો છે. સાતત્યપૂર્ણ વિકાસ માટે પ્રતિબદ્ધ આ પ્રોગ્રામનો હેતુ ટેકનિકલ નોલેજ ધરાવતા ગ્રીન સ્કિલ્ડ વર્કર્સ તૈયાર કરવાનો છે. આ કાર્યક્રમની મદદથી નેશનલ ડિટરમાઇન્ડ કોન્ટ્રીબ્યુશન્સ (NDCs), સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs), નેશનલ બાયોડાઇવર્સિટી ટાર્ગેટ્સ (NBTs), ઉપરાંત વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ (૨૦૧૬) હાંસલ કરવામાં મદદ મળશે.

ENVIS રિસોર્સ પાર્ટનર કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદે ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટ ટેસ્ટિંગ અને ફુડ ટેસ્ટિંગ માટે લેબોરેટરી ટેકનિશિયન્સ/આસિસ્ટન્ટ્સ એવા બે કોર્સ વિકસાવ્યા છે. ‘લેબોરેટરી ટેકનિશિયન્સ/ટેકનિકલ આસિસ્ટન્ટ્સ ફોર એનર્જી એફિશિયન્સી, સ્ટાર લેબલિંગ એન્ડ અધર ઇલેક્ટ્રિકલ ટેસ્ટિંગ ફોર એન્વાયર્નમેન્ટલ ક્રાઇટેરિયા’ ના સર્ટિફિકેટ કોર્સમાં ઊર્જા કાર્યક્ષમતા અને સ્ટાર લેબલિંગ ચકાસવા માટે પ્રોડક્ટ્સનું ટેસ્ટિંગ કરવામાં આવે છે. આ કોર્સનો સમયગાળો ૨૬૪ કલાકનો છે. ‘લેબોરેટરી આસિસ્ટન્ટ્સ ફોર ફુડ ટેસ્ટિંગ લેબોરેટરી વીથ ઇકો-ફ્રેન્ડલી પ્રેક્ટિસિસ’ સર્ટિફિકેટ કોર્સમાં ફુડ ટેસ્ટિંગ કરતી વખતે લેબોરેટરી SOPsમાં પર્યાવરણીય માપદંડો પર ફોકસ કરવામાં આવે છે. આ કોર્સનો સમયગાળો ૨૨૫ કલાકનો છે

બંને કોર્સ નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ એજન્સી (NSDA) ફ્રેમવર્કના નેશનલ સ્કિલ્સ ક્વોલિફિકેશન્સ ફ્રેમવર્ક (NSQF) લેવલ ૬ નું પાલનકરે છે. CERC વર્ષ ૨૦૧૮થી બંને કોર્સ સફળતાપૂર્વક ચલાવી રહ્યું છે. આ અંકમાં નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં હાથ ધરવામાં આવેલા બંને કોર્સનો GSDP રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે.

# 'લેબોરેટરી ટેકનિશિયન્સ/ટેકનિકલ આસિસ્ટન્ટ્સ ફોર એનર્જી એફિશિયન્સી સ્ટાર લેબલિંગ એન્ડ અધર ઇલેક્ટ્રિકલ ટેસ્ટિંગ ફોર એન્વાયર્નમેન્ટલ ક્રાઇટેરિયા' નો સર્ટિફિકેટ કોર્સ

**શ્વેતા મહાજન**
**કોર્સ ઇનચાર્જ અને ડીજીએમ-ટોર્ચ,** CERC

પર્યાવરણની જાળવણી અને તેનાં પુનસ્થાપનમાં ગ્રીન જોબ્સની ભૂમિકા મહત્વની છે. પછી તે મેન્યુફેક્ચરિંગ અને કન્સ્ટ્રક્શન જેવા પરંપરાગત સેક્ટર્સ હોય કે રીન્યુએબલ એનર્જી અને એનર્જી એફિશિયન્સી જેવા નવા ઊભરતા ગ્રીન સેક્ટર્સ હોય. આવા ટ્રેઇનિંગ પ્રોગ્રામ્સ દ્વારા સ્કિલ્ડ મેનપાવરનો રાષ્ટ્રીય સ્તરનો ડેટા બેઝ તૈયાર કરવાની યોજના છે, જેનો સીધો ઉપયોગ ઉદ્યોગો કરી શકે. આજના સંદર્ભમાં ગ્રીન ટેકનોલોજી, ડિઝાઇન, રો-મટિરિયલ, મેન્યુફેક્ચરિંગ અને ટેસ્ટિંગ એકબીજા સાથે નજીકથી સંકળાયેલા છે. સ્કિલ્ડ વર્કફોર્સની મદદથી ઉદ્યોગો વૈશ્વિક સ્પર્ધાનો સારી રીતે સામનો કરી શકે છે. ઇલેક્ટ્રોનિક ટેસ્ટિંગમાં સસ્ટેનેબલ પ્રોડક્ટ્સ, લાઇફસ્ટાઇલ અને સસ્ટેનેબલ કન્ઝ્યુમર બિહેવિયર અંગે યુવાનોમાં ગ્રીન સ્કિલ વિકસાવવા ૨૬૪ કલાકનો સર્વગ્રાહી કસ્ટમાઇઝ્ડ ટ્રેઇનિંગ પ્રોગ્રામ તૈયાર કરવામાં આવ્યો છે. સ્ટાર લેબલિંગ ક્રાઇટેરિયા અને ઇકોફ્રેન્ડલી પ્રેક્ટિસિસના કન્સેપ્ટ અંગે CERC ની ઇલેક્ટ્રિક પ્રોડક્ટ ટેસ્ટિંગ લેબોરેટરી છેલ્લાં ત્રણ વર્ષથી GSDP ઉમેદવારોને તાલીમ આપે છે.

## ઉમેદવારોની પસંદગી

ટ્રેઇનિંગ કોર્સ અંગેની જાહેરાત અખબારો, વેબસાઇટ http://cercenvis.nic.in/PDF/GSDP%2020-21.pdf અને તમામ સોશિયલ મિડિયા પ્લેટફોર્મ્સ પર આપવામાં આવી હતી. આ કોર્સ માટે કુલ ૭૯ અરજીઓ આવી હતી. જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવી હતી. મહામારીને ધ્યાનમાં લેતાં ઇ-પ્લેટફોર્મ્સ પર ૨૧, ૨૨ જાન્યુઆરીનાં રોજ ઇન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા. ટેકનિકલ અને અન્ય ક્ષમતાઓને આધારે ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી.

## ટ્રેઇનિંગ પ્રોગ્રામનું ઉદઘાટન

૯ ફેબ્રુઆરી, ૨૦૨૧નાં રોજ કાર્યક્રમની ઉદઘાટન વિધિ કરવામાં આવી હતી. સીઇઓ અને બોર્ડ સેક્રેટરી શ્રી ઉદય માવાણીએ સ્વાગત પ્રવચન આપ્યું હતું, જ્યારે CERC & TORCH ના ચેરમેન શ્રી પ્રફુલ આર અમીને પ્રમુખીય સંબોધન કર્યું હતું. CERC ના એડવાઇઝરી મેમ્બર શ્રી રાકેશભાઇ શાહે ચાવીરૂપ પ્રવચનમાં વિદ્યાર્થીઓને તેમનાં ભાવિ માટે સારું કામ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. TORCH ના બોર્ડ મેમ્બર શ્રી જે બી પટેલ અને CERSના સ્વયંસેવી સભ્યોએ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા અને પોતાના પ્રેરણાદાયી ભાષણ દ્વારા પ્રોત્સાહિત કર્યા હતા. પ્રોજેક્ટ કોઓર્ડિનેટર અને CGM CERC અનિંદિતા મહેતાએ CERC ENVIS નાં ધ્યેય અને જનજાગૃતિ માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી હતી. CERC ENVIS ની એડવાઇઝરી કમિટીના મેમ્બર ડો. અશોકા ઘોષે ગ્રીન સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામનો પ્રારંભ કઈ રીતે થયો તેની માહિતી આપી હતી. CERC ENVIS નાં પ્રોગ્રામ ઓફિસર દિવ્યા નામ્બુથિરીએ આભાર પ્રસ્તાવ સાથે કાર્યક્રમનાં પ્રથમ સત્રનું સમાપન કર્યું હતું. કોર્સ ઇનચાર્જ શ્વેતા મહાજને કોર્સના માળખા અંગેનું ટેકનિકલ સેશન યોજ્યું હતું. એ પછી વિદ્યાર્થીઓને ટ્રેઇનિંગ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું અને તેમની સાથે વાતચીત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન CERC ENVIS નાં ઇન્ફોર્મેશન ઓફિસર અપેક્ષા શર્માએ કર્યું હતું.



## ટ્રેઇનિંગ

ટ્રેઇનિંગ પ્રોગ્રામ ૯ ફેબ્રુઆરી, ૨૦૨૧થી શરૂ થયો હતો. તમામ તાલીમાર્થીઓને ટ્રેઇનિંગ મેન્યુઅલ, ટેસ્ટર્સ, સેફ્ટી હેલ્મેટ, સ્ટેશનરી આઇટમ્સ, માસ્ક અને સેનિટાઇઝર ધરાવતું કોર્સ મટિરિયલ પૂરું પાડવામાં આવ્યું હતું. ટ્રેઇનિંગ મેન્યુઅલમાં ટેસ્ટ સેટઅપની તૈયારી માટે જરૂરી લેબોરેટરી ટુલ્સનો પરિચય, ટેસ્ટિંગ માટે જરૂરી ઇન્સ્ટ્રુમેન્ટ્સ અને ઇક્વિપમેન્ટનો પરિચય, ટેસ્ટિંગ દરમિયાન જરૂરી કન્ઝ્યુમેબલ્સ,ટેસ્ટ સિસ્ટમનું ઇન્સ્પેક્શન, ઇન્ટરમિડિયેટ ચેક્સ/ક્રોસ વેરિફિકેશન સહિતના દરેક એનાલિસિસનો રેકોર્ડ રાખવા પ્રાઇમરી મેઇન્ટેનન્સ અને સ્ટાન્ડર્ડાઇઝ્ડ ફોર્મેટ્સ જેવા મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે. તેમાં ઇલેક્ટ્રિકલ ટેસ્ટિંગ અને લેબોરેટરી કામગીરી માટે સલામતીની જરૂરિયાતો અને સરળ પરીક્ષણ પ્રક્રિયા સાથે લેબોરેટરી એક્રિડિટેશન માટે ક્વોલિટી સિસ્ટમનો પણ સમાવેશ થાય છે.

સસ્ટેનેબલ ભાવિ માટે ઉદ્યોગો દ્વારા અપનાવવામાં આવતા સ્ટાર લેબલિંગ ક્રાઇટેરિયા અને ઇકોફ્રેન્ડલી પધ્ધતિઓના કન્સેપ્ટ્સને ઇકો-ફ્રેન્ડલી સ્ટાર લેબલ્ડ ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટ્સને ઓળખવાની પધ્ધતિઓ સરળ રીતે રજૂ કરવામાં આવ્યા છે. તેમાં બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી દ્વારા એનર્જી સ્ટાર લેબલિંગ ક્રાઇટેરિયા હેઠળ આવરી લેવાયેલી ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટ્સની વિગતો, એન્વાર્યનમેન્ટલ ક્રાઇટેરિયા માટેની ટેસ્ટિંગ ટેકનિક, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે ગ્રીન સ્કિલ્સ અને જળવાયુ પરિવર્તનના વૈશ્વિક પડકારને ડામવા ઊર્જા બચાવવાની સલાહ અને અપનાવવા જેવી આદતોની માહિતી પણ આપવામાં આવી છે. આ વિષયોની સરળ સમજણ માટે વિગતોને સર્જનાત્મક રીતે સમજાવવામાં આવી છે. ગુજરાત ક્લિનર પ્રોડક્શન સેન્ટર, ફેલો ENVIS રિસોર્સ પાર્ટનર, ગાંધીનગર દ્વારા તાલીમાર્થીઓને ક્લિનર પ્રોડક્શન અને વેસ્ટ મિનિમાઇઝેશન અંગેનું મેન્યુઅલ પુરું પાડવામાં આવ્યું હતું.

## ઇન્ટર્નલ અને એક્સ્ટર્નલ ફેકલ્ટી

નીચે જણાવેલા ઇન્ટર્નલ અને એક્સ્ટર્નલ ફેકલ્ટી મેમ્બર્સ/નિષ્ણાંતોએ તેમનાં પ્રેઝન્ટેશન દ્વારા ટ્રેઇનિંગ પ્રોગ્રામને રસપ્રદ અને સફળ બનાવ્યો હતો.

### ઇન્ટર્નલ ફેકલ્ટી :

શ્વેતા મહાજન, કોર્સ ઇનચાર્જ

### એક્સ્ટર્નલ ફેકલ્ટી:

૧. મિહિર વસાવડા
વિષયઃ એનર્જી એફિશિયન્સી મશીન્સ

૨. જી ટી પંચાલ
વિષયઃ મોટર્સમાં પાવર લોસ

૩. ગોવિંદ ઝાલા (ઉદ્યોગ નિષ્ણાત - ડેમોન્સ્ટ્રેશન માટે)
વિષયઃ પમ્પ સેટ્સની ઊર્જા કાર્યક્ષમતા માપવા માટેની ટેસ્ટિંગ ટેકનિક્સ

૪. અરવિંદ સોથા (ઉદ્યોગ નિષ્ણાત - ડેમોન્સ્ટ્રેશન માટે)
વિષય: IS-8034 & IS-9283 & IS-૧૧૩૪૮ પ્રમાણે ટેસ્ટ્સ પર ડેમોન્સ્ટ્રેશન

૫. નિરવ મહેતા
વિષયઃ સોલર એનર્જી સેગમેન્ટમાં સોલર ગ્રીડ કનેક્ટેડ સિસ્ટમ અને બિઝનેસ તકો

૬. હરી ઓમ મહેતા
વિષયઃ ઓફ ગ્રિડ સોલર સિસ્ટમ્સ અને રીન્યુએબલ એનર્જી પ્રોડક્ટ્સ

૭. કશ્યપ વચ્છરાજાણી
વિષયઃ ફાઇનાન્સ એન્ડ બેન્કિંગ ફોર આંત્રપ્રિન્યોર્સ

૮. ચંદ્રમૌલી પાઠક, આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ
વિષયઃ આંત્રપ્રિન્યોરશીપ એન્ડ સ્મોલ બિઝનેસ સ્ટાર્ટઅપ્સ

૯. ડો.ભરત જૈન, મેમ્બર સેક્રેટરી, GCPC અને પ્રોજેક્ટ કોઓર્ડિનેટર, GCPC ENVIS RP
વિષયઃ ક્લિનર પ્રોડક્શન, વેસ્ટ મિનિમાઇઝેશન અને ગ્રીનર પ્રોડક્શન

## મહત્વના મુદ્દાઓનો સમાવેશ

આ કોર્સ નોકરી વાંચ્છુકો પાસેથી ઉદ્યોગની અપેક્ષાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે. કોર્સને સર્વગ્રાહી બનાવવા માટે ઉદ્યોગ અને વિષય નિષ્ણાતો પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા હતા, જેમાં પ્રોફેશનલ નોલેજ, પ્રોફેશનલ સ્કિલ્સ, જવાબદારી અને પ્રક્રિયાના સંદર્ભમાં સક્ષમતાના સ્તરની વ્યાપક કેટેગરી આવરી લેવામાં આવી છે.

૧. ઇલેક્ટ્રિકલ મશીન્સમાં કરંટ ટ્રેન્ડ્સ.

૨. રીન્યુએબલ એનર્જી પ્રોડક્ટ્સ માટે ગ્રીન ફ્યુચર (ટાઇપ્સ અને બેઝિક્સ).

૩. ઊર્જા કાર્યક્ષમ ઇન્ડક્શન મોટર્સના ડિઝાઇન પાસાં.

૪. સબમર્સિબલ પમ્પ્સ માટે ઊર્જા કાર્યક્ષમ મોટર્સના ઉત્પાદનની પ્રક્રિયા, નુકસાનની ગણતરી અને કાર્યક્ષમતા શોધવી.

૫. ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટ્સ, હોમ એપ્લાયન્સિસ અને એક્સેસરીઝને કારણે થતાં અવાજથી પર્યાવરણીય પ્રદૂષણ.

૬. અવાજની માપણી અને અવાજ ઘટાડવા માટેની પધ્ધતિઓ

૭. ઉત્પાદકો દ્વારા અપનાવવામાં આવતી ગ્રીન પ્રેક્ટિસિસ

૮. BEE ની સ્વૈચ્છિક અને ફરજિયાત લેબલિંગ સ્કીમ્સ હેઠળ આવરી લેવામાં આવેલી પ્રોડક્ટ્સ.

૯. એપ્લાયન્સિસ પર ઊર્જા બચત માટે લગાવવામાં આવતા લેબલ્સની વેરાઇટી

૧૦.ઇલેક્ટ્રેકિલ પ્રોડક્ટ્સનો સાતત્યપૂર્ણ વપરાશ

## ફિલ્ડ વિઝિટ્સ

૧. M/S લા-ગજ્જર મશીનરીઝ પ્રાઇવેટની બે ફેક્ટરીની મુલાકાત. એક મુલાકાત V6 પમ્પ સેટ્સ (કૃષિ ઉપયોગ માટે) અને બીજી મુલાકાત ડોમેસ્ટીક પમ્પ સેટ્સ (V3 & V4 type) માટે.

૨. અમરાઇવાડી ખાતે મેન્યુફેક્ચરિંગ સ્ટેટોર્સની મુલાકાત.

૩. નરોડા એન્વિરો પ્લાન્ટ લિમિટેડ, NEPL

૪. સેવિયો સન એનર્જીની મુલાકાત.

૫. વોટરમેન ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડની મુલાકાત

## તાલીમાર્થીઓનું અંતિમ મૂલ્યાંકન

લેવલ ૬ NSQF ક્વોલિફિકેશન્સ માટેનાં મૂલ્યાંકન માપદંડના આધારે તાલીમાર્થીઓનું અંતિમ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સફળ તાલીમાર્થીઓને ૧ એપ્રિલ, ૨૦૨૧નાં રોજ યોજાયેલા ઓનલાઇન પદવીદાન સમારોહમાં પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. પ્રોફેશનાલિઝમ એન્ડ એથિક્સ, ઇન્ટરપર્સનલ ઇન્ટરએક્શન્સ, ક્વોલિટી કોન્શિયસનેસ, જવાબદેહિતા અને પ્રોફેશનલ સ્કિલ અને લીડરશીપ ક્વોલિટી સાથે સક્ષમતાના સ્તરની ઉદ્યોગની જરૂરિયાત અંગે કેરિયર કાઉન્સેલિંગ સેશન્સ યોજાઇ હતી.

નીચે જણાવેલી કંપનીઓના એચઆર વિભાગોએ પ્લેસમેન્ટ ઇન્ટરવ્યુ લીધા હતાઃ

૧. નિરધારા એનર્જી એન્ડ આઇટી સોલ્યુશન્સ
૨. ભગવતી ઇન્ડસ્ટ્રીઝ, અમદાવાદ
૩. લા-ગજ્જર મશીનરીઝ પ્રાઇવેટ લિમિટેડ, અમદાવાદ
૪. કિર્લોસ્કર બ્રધર્સ લિમિટેડ, સાણંદ
૫. વોટરમેન ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ, ચાંગોદર
૬. સેવિયો સન એનર્જી
૭. મમતા મશીનરીઝ પ્રાઇવેટ લિમિટેડ

તમામ તાલીમાર્થીઓના બાયોડેટા સાથેનું પ્લેસમેન્ટ બ્રોશર તૈયાર કરવામાં આવ્યું હતું. આ બ્રોશરને ઇન્ટરવ્યુ લેનારી તથા અન્ય કંપનીઓને આપવામાં આવ્યું હતું. સફળ તાલીમાર્થીઓનું પ્લેસમેન્ટ અને સ્વરોજગારની વિગતો નીચે પ્રમાણે છેઃ

- એક તાલીમાર્થીનું પ્લેસમેન્ટ વોટરમેન ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ, અમદાવાદ ખાતે થયું
- એક તાલીમાર્થીનું પ્લેસમેન્ટ માક પમ્પ્સ ઇન્ડસ્ટ્રીઝ, અમદાવાદ ખાતે થયું
- એક તાલીમાર્થીનું પ્લેસમેન્ટ સિયેન્ટ, હૈદરાબાદ ખાતે થયું
- એક તાલીમાર્થીનું પ્લેસમેન્ટ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિમિટેડ, પોરબંદર ખાતે થયું
- એક તાલીમાર્થીનું પ્લેસમેન્ટ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિમિટેડ, દીવ ખાતે થયું
- એક તાલીમાર્થી ગાંધીધામ ખાતે રીન્યુએબલ એનર્જી પ્રોડક્ટ્સ અંગેનું સ્ટાર્ટઅપ શરૂ કરવાનું આયોજન કરી રહ્યા છે
- બે તાલીમાર્થીઓ લા ગજ્જર મશીનરીઝ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા એપ્રેન્ટિસશીપ માટે પસંદ થયા છે. (મહામારીને કારણે સ્થગિત)
- ત્રણ તાલીમાર્થીઓએ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અથવા ઉચ્ચ અભ્યાસનો વિકલ્પ પસંદ કર્યો છે.

## પ્રતિભાવ

મારું નામ સેજલ દેવડિયા છે અને હું પોરબંદરની વતની છું. મને શીખવાની અને મારું કૌશલ્ય સુધારવાની તક આપવા બદલ હું GSDP ની સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કરું છું. મેં અહી પ્રેક્ટિકલ્સ અને થિયરીના લેક્ચર્સમાં હાજરી આપી હતી. સ્ટાર લેબલિંગ કઈ રીતે કરવામાં આવે છે, ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટ પર પર્યાવરણની અસર, ઇલેક્ટ્રિકલ ટેસ્ટિંગ અને ઓછું પ્રદૂષણ ફેલાવતી પ્રોડક્ટ્સનું ઉત્પાદન કઈ રીતે કરવું એ બધું હું પ્રેક્ટિકલ્સ દરમિયાન શીખી. ફિલ્ડવિઝિટ દરમિયાન, હું સબમર્સિબલપમ્પનું ટેસ્ટિંગ, ઉત્પાદન વગેરે અંગે શીખી. અમને ગેસ્ટ ફેકલ્ટીઝ પાસેથી ફાઇનાન્સિંગ અને આંત્રપ્રિન્યોરશીપ સ્કિલ્સ અંગે પણ શીખવા મળ્યું. મને આ કોર્સથી ઘણો લાભ થયો અને તેણે મારો આત્મવિશ્વાસ વધારવામાં મદદ કરી. હું GSDPની ટીમનો આભાર માનું છું.




- સેજલ દેવડિયા

હું શુભમ શુક્લા છું. કોર્સ દરમિયાન મેં અનેક ફિલ્ડ વિઝિટ કરી, ગેસ્ટ લેક્ચર્સ, પ્રેક્ટીકલ્સ અને રેગ્યુલર લેક્ચર્સમાં હાજરી આપી. પ્રેક્ટીકલ સેશન્સમાં મને પ્રોડક્ટની ઊર્જા કાર્યક્ષમતા, ઇલેક્ટ્રિકલ એપ્લાયન્સની પર્યાવરણ પર અસર અને ક્વોલિટીએશ્યોરન્સ અંગે જાણવા મળ્યું. એક મેન્યુફેક્ચરિંગ કંપનીની મુલાકાત દરમિયાન મને તેમનાં દ્વારા અપનાવવામાં આવતી ઇકો-ફ્રેન્ડલી પ્રેક્ટિસિસ અંગે જાણવા મળ્યું. અહીં મારી ટેકનિકલ અને કમ્યુનિકેશન સ્કિલમાં સુધારો થયો. આ કોર્સમાં પ્રવેશ આપવા બદલ તમારો આભાર.




- શુભમ શુક્લા

## ગેલેરી:



ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટ્સ અને હોમ એપ્લાયન્સિસ પર ટેસ્ટ/ પ્રેક્ટિકલ્સનું ડેમોન્સ્ટ્રેશન




વોટરમેન ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડની મુલાકાત



સબમર્સિબલ પમ્પ સેટ્સના ટેસ્ટિંગનું ડેમોન્સ્ટ્રેશન



સેવિયો સન એનર્જીની મુલાકાત ૧૦ માર્ચ, ૨૦૨૧



કશ્યપ વચ્છરાજાણી દ્વારા ફાઇનાન્સ અને સ્ટાર્ટઅપ પર લેક્ચર



તાલીમાર્થીઓના પ્લેસમેન્ટ અંગે કારકિર્દી માર્ગદર્શન

# લેબોરેટરી આસિસ્ટન્ટ ફોર ફુડ ટેસ્ટિંગ લેબોરેટરી વીથ ઇકો-ફ્રેન્ડલી પ્રેક્ટિસિસ પર સર્ટિફિકેટ કોર્સ

**ડૉ. ડોલી જાની**
**કોર્સ ઇનચાર્જ એન્ડ સિનિયર સાયન્ટિસ્ટ, હેડ ઓફ ફુડ લેબોરેટરી, CERC**

એનાલિટિકલ એન્વાયર્નમેન્ટમાં ગુણવત્તા અને સલામતી સુનિશ્ચિત કરવા માટે ફુડ લેબોરેટરી ટેકનિશિયનની તાલીમ જરૂરી છે. ENVIS રિસોર્સ પાર્ટનર્સ, કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટરે ગ્રીન લેબોરેટરી પ્રેક્ટિસીસ પર ભાર મૂકીને ફુડ બિઝનેસને મોટા પાયે તાલીમબદ્ધ કર્મચારીઓ પૂરાં પાડી શકાય તે માટે આ કોર્સ વિકસાવ્યો છે. આ કોર્સનો હેતુ તાલીમાર્થીઓની ક્લાસરૂમ એક્ટિવિટી, સ્થળ પર તાલીમ અને સંબંધિત ઉદ્યોગની મુલાકાત દ્વારા જરૂરી જ્ઞાન અને કૌશલ્ય પુરાં પાડવાનો છે.

તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓને ફુડ લેબોરેટરીઝમાં ઉપયોગમાં લેવાતી વિવિધ એનાલિટિકલ ટેકનિક માટે પાયાનું જ્ઞાન આપવામાં આવ્યું હતું અને સ્થળ પર તાલીમ પૂરી પાડવામાં આવી હતી. તેમને ન્યુટ્રીશનલ પાસા, ફુડ સેફ્ટીના ધોરણો અને લેબોરેટરી એક્રિડિટેશન સિસ્ટમથી વાકેફ કરવામાં આવ્યા હતા. તેમને ગુડ લેબોરેટરી પ્રેક્ટિસિસ (GLP), સેમ્પલિંગ પ્રક્રિયા, ડોક્યુમેન્ટેશન, ઓપરેશન, લેબોરેટરી ઇક્વિમેન્ટસનું કેલિબ્રેશન અને મેઇન્ટેનન્સ અંગેનું જ્ઞાન આપવામાં આવ્યું હતું. આ કોર્સમાં ઇકો-ફ્રેન્ડલી લેબોરેટરી વોટર મેનેજમેન્ટ અને લેબોરેટરીમાં સલામતીનાં પગલાં અંગેની જાણકારી પણ આપવામાં આવી હતી.

## ઉમેદવારોની પસંદગી


અખબારો, વેબસાઇટ
http://cercenvis.nic.in/PDF/GSDP%2020-21.pdf અને સોશિયલ મિડિયા પર જાહેરાતો દ્વારા પસંદગી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. કોવિડ મહામારીને ધ્યાનમાં રાખી ઓનલાઇન એપ્લિકેશન અને પછી ટેલિફોનિક/સ્કાઇપ ઇન્ટરવ્યુ દ્વારા પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ કોર્સ માટે અમને ૧૧૬ અરજીઓ મળી હતી, જેમાંથી લાયકાતના માપદંડ પ્રમાણે યાદી તૈયાર કરવામાં આવી હતી. બે તૃતીયાંશ ઉમેદવારો અમદાવાદ બહારના હતા અને બાકીના અમદાવાદના હતા. પસંદ કરવામાં આવેલા તાલીમાર્થીઓ બાયોટેકનોલોજી, ફુડ એન્ડ ન્યુટ્રીશન, માઇક્રોબાયોલોજી, બોટની, ઝુઓલોજી અને એન્વાર્યનમેન્ટ સાયન્સ જેવી વિજ્ઞાનની વિવિધ શાખાઓના સ્નાતક/અનુસ્નાતક હતા.

## ટ્રેઇનિંગ પ્રોગ્રામનું ઉદઘાટન

૯ ફેબ્રુઆરી, ૨૦૨૧નાં રોજ કાર્યક્રમની ઉદઘાટન વિધિ કરવામાં આવી હતી. સીઇઓ અને બોર્ડ સેક્રેટરી શ્રી ઉદય માવાણીએ સ્વાગત પ્રવચન આપ્યું હતું, જ્યારે CERC અને TORCH ના ચેરમેન પ્રફુલ આર અમીને પ્રમુખીય સંબોધન કર્યું હતું. CERC ના એડવાઇઝરી મેમ્બર શ્રી રાકેશભાઇ શાહે ચાવીરૂપ પ્રવચનમાં વિદ્યાર્થીઓને તેમનાં ભાવિ માટે સારું કામ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. TORCH ના બોર્ડ મેમ્બર શ્રી જે બી પટેલ અને CERS ના સ્વયંસેવી સભ્યોએ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા અને પોતાના પ્રેરણાદાયી ભાષણ દ્વારા પ્રોત્સાહિત કર્યા હતા. પ્રોજેક્ટ કોઓર્ડિનેટર અને CGM CERC અનિંદિતા મહેતાએ CERC ENVIS નાં ધ્યેય અને જનજાગૃતિ માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી હતી. CERC ENVIS ની એડવાઇઝરી કમિટીના મેમ્બર ડો.અશોકા ઘોષે ગ્રીન સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામનો પ્રારંભ કઇ રીતે થયો તેની માહિતી આપી હતી. CERC ENVIS નાં પ્રોગ્રામ ઓફિસર દિવ્યા નામ્બુથિરીએ આભાર પ્રસ્તાવ સાથે કાર્યક્રમનાં પ્રથમ સત્રનું સમાપન કર્યું હતું. કોર્સ ઇનચાર્જ ડોલી જાનીએ કોર્સના માળખા અંગેનું ટેકનિકલ સેશન યોજ્યું હતું. એ પછી વિદ્યાર્થીઓને ટ્રેઇનિંગ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું અને તેમની સાથે વાતચીત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન CERC ENVIS નાં ઇન્ફોર્મેશન ઓફિસર અપેક્ષા શર્માએ કર્યું હતું.







## ઇન્ટર્નલ અને એક્સ્ટર્નલ ફેકલ્ટી

ડો. ડોલી એ જાની (ટ્રેઇનિંગ ઇનચાર્જ) ના નેતૃત્વહેઠળ CERC ની ઇનહાઉસ લેબોરેટરી ખાતે તાલીમ આપવામાં આવી હતી. નીચે જણાવેલા ઇન્ટર્નલ અને એક્સ્ટર્નલ ફેકલ્ટીઝે આ કોર્સને સફળ બનાવ્યો હતો.

### ઇન્ટર્નલ ફેકલ્ટી :

૧. ડોલી જાની, કોર્સ ઇનચાર્જ
૨. કનકલતા ગોસ્વામી, લેબોરેટરી ડેમોન્સ્ટ્રેટર

### એક્સ્ટર્નલ ફેકલ્ટી :

૧. ડો. નીરજકાંત પાંડે, લીડ ઓડિટર, NABL
   વિષયઃ NABLનો પરિચય, મહત્વ અને આવશ્યક્તાઓ
૨. મીનળ પાંડે, એક્સ, આસિસ્ટન્ટ ડિરેક્ટર, BIS
   વિષયઃ બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડસ - (BIS) - પ્રોડક્ટ/ટેસ્ટ જરૂરિયાતો અને સ્પેસિફિકેશન્સ માટેનાં દસ્તાવેજો સમજવાં
૩. અતુલ સોની, હેડ, પબ્લિક હેલ્થ લેબોરેટરી, AMC
   વિષયઃ ફુડ સેફ્ટી મુદ્દાઓ અને નિયમનકારી પરિપ્રેક્ષ્યમાં એનાલિસિસ
૪. કશ્યપ વચ્છરાજાણી
   વિષયઃ ફાઇનાન્સ એન્ડ બેન્કિંગ ફોર આંત્રપ્રિન્યોર્સ
૫. ચંદ્રમૌલી પાઠક, આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ
   વિષયઃ આંત્રપ્રિન્યોરશીપ એન્ડ સ્મોલ બિઝનેસ સ્ટાર્ટઅપ્સ
૬. ડો. ભરત જૈન, મેમ્બર સેક્રેટરી GCPC અને પ્રોજેક્ટ કોઓર્ડિનેટર, GCPC ENVIS RP
   વિષયઃ ક્લિનર પ્રોડક્શન, વેસ્ટ મિનિમાઇઝેશન એન્ડ ગ્રીનર પ્રોડક્શન.
૭. ડી એ ભાવસાર, ફુડ સેફ્ટી ઓફિસર
   વિષયઃ ગુજરાત સ્ટેટ FDCA દ્વારા સ્પોટ ટેસ્ટીંગ અને મોબાઇલ ટેસ્ટિંગ વેન દ્વારા ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ શોધવું

### મહત્વના મુદ્દાઓનો સમાવેશ

આ કોર્સમાં ક્લાસરૂમ લેક્ચર્સ અને પ્રેક્ટિકલ ટ્રેઇનિંગને આવરી લેવામાં આવ્યાં છે. અંતિમ સેશનમાં એસેસમેન્ટ અને સંબંધિત કામગીરી હોય છે. કોર્સ શીડ્યુલ કુલ ૨૨૫ કલાકનું હતું. તાલીમ અભ્યાસક્રમનાં મુખ્ય પાસાં નીચે પ્રમાણે હતાઃ

૧. ફુડ, ન્યુટ્રીશનલ પાસા અને સલામતીના ધોરણોનો પરિચય.
૨. લેબોરેટરી એક્રિડિટેશનનો પરિચય
૩. લેબોરેટરી પ્રેક્ટિસનું ઇકો ફ્રેન્ડલી મેઇન્ટેન્સ
૪. ઇકો ફ્રેન્ડલી લેબોરેટરી વેસ્ટ મેનેજમેન્ટ
૫. પાયાના લેબોરેટરી ઇક્વિપમેન્ટ્સ અને તેમની કામગીરીનો પરિચય
૬. ફુડ પ્રોડક્ટ્સમાં સર્ટિફાઇડ રેફરન્સ મટિરિયલ અને સ્ટાન્ડર્ડ્સ તથા એલીમેન્ટલ એનાલિસિસ
૭. એક્સરસાઇઝ અને એસેસમેન્ટ

### તાલીમ

કોર્સ મોડ્યુલમાં જણાવેલા વિષયો પ્રમાણે પધ્ધતિસર રીતે તાલીમ આપવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીને ટ્રેઇનિંગ કિટ પૂરી પાડવામાં આવી હતી, જેમાં ટ્રેઇનિંગ મેન્યુઅલ, સ્ટેશનરી આઇટમ્સ, એપ્રન્સ, સેફ્ટી ગોગલ્સ, ગ્લોઝ અને નેપકિન જેવાં લેબોરેટરી પ્રોટેક્શન ગિયરનો સમાવેશ થાય છે. આ તાલીમદ્વારા ફુડ ટેસ્ટિંગ અને ગુડ લેબોરેટરી પ્રેક્ટિસિસના વિવિધ પાસાઓને આવરી લેવામાં આવ્યા હતા. બેઝિક એનાલિટિકલ ટેકનિક્સ ઉપરાંત ફુડમાં જોવા મળતાં કોમન પેરામિટર જેમ કે ભેજનું પ્રમાણ, એશ, એસિડ ઇનસોલ્યુએબલ એશ, એસિડિટી, ફેટ, પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ, મિનરલ્સ, મિશ્રણ વગરેની ટેસ્ટિંગ પધ્ધતિ શીખવવામાં આવી હતી. તાલીમાર્થીઓને લેબોરેટરીના મુખ્ય ઉપકરણો અને ફુડ એનાલિસિસમાં તેનાં ઉપયોગ અંગે તાલીમ આપવામાં આવી હતી.

શિક્ષણ અસરકારક રહે તેની સાથે સાથે તાર્કિક અને પધ્ધતિસર રીતે માહિતી પૂરી પાડવા તાલીમ મેન્યુઅલ તૈયાર કરવામાં આવ્યું છે. મેન્યુઅલમાં જનરલ લેબોરેટરી ઇક્વિપમેન્ટ ઉપરાંત BIS સ્પેસિફિકેશન્સ પ્રમાણે ટેસ્ટ મેથડ વર્ણવવામાં આવી છે. ટ્રેઇનિંગ મેન્યુઅલમાં સેફ્ટી અને ક્વોલિટી કન્ટ્રોલ અંગેની અને ફુડ લેબોરેટરી સાથે સંકળાયેલા લોકોની જરૂરિયાતો માટે વિગતો આપવામાં આવી છે. લેબોરેટરી સ્ટાફ કઈ રીતે કામ કરે છે તે સરળ રીતે સમજવા ફુડ ઉદ્યોગમાં કામગીરીના પ્રવાહને અનુરુપ મેન્યુઅલ તૈયાર કરવામાં આવ્યું છે. આ સંપૂર્ણ મેન્યુઅલ છે, જેમાં તાલીમાર્થીઓની સરળતા માટે ફુડ લેબોરેટરીઝનની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર આપવામાં આવી છે.

## ફિલ્ડ વિઝિટ

૧. ગાંધીનગર સ્થિત ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની અત્યાધુનિક ફુડ રિસર્ચ લેબોરેટરી (FRL) ની સ્ટડી ટુર આયોજિત કરવામાં આવી હતી.
૨. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની અત્યાધુનિક ફુડ ટેસ્ટિંગ સુવિધાઓ ધરાવતી પબ્લિક હેલ્થ લેબોરેટરીની સ્ટડી ટુર યોજવામાં આવી હતી.
૩. ધી રેવાકાંત ગીર ગૌશાળા, લિલાપુર ફાર્મ્સ, એસજી હાઇવે, અમદાવાદ
૪. નરોડા એન્વાયર્નમેન્ટ પ્રોજેક્ટ લિમિટેડ (NEPL)

## મૂલ્યાંકન અને પૃથક્કરણ

લેવલ ૬ NSQF ક્વોલિફિકેશન્સ માટેના એસેસમેન્ટ ક્રાઇટેરિયાના આધારે તાલીમાર્થીઓનું અંતિમ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેમને ફિલ્ડ રિપોર્ટ્સ, જર્નલ્સ અને ક્લાસરૂમ પ્રેઝેન્ટેશનના આધારે ગ્રેડ આપવામાં આવ્યા હતા. તાાલીમાર્થીઓ માટે અંતિમ મૂલ્યાંકન પરીક્ષા ઓનલાઇન યોજવામાં આવી હતી.

## સમાપન સમારોહ

બે મહિનાના તાલીમ કાર્યક્રમના અંતે ૧ એપ્રિલ, ૨૦૨૧નાં રોજ વર્ચ્યુઅલ સમાપન સમારોહ યોજાયો હતો. કોર્સ ઇનચાર્જ ડો. ડોલી એ જાનીએ સંબોધન કર્યું હતું, જ્યારે CERC- ENVIS-RP નાં પ્રોગ્રામ ઓફિસર દિવ્યા નામ્બુથીરી એ આભારવિધી વ્યક્ત કરી હતી. GSDP સર્ટિફિકેટ કોર્સની સફળતાપૂર્વક સમાપ્તિ પ્રસંગે ૧૧ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

## પ્લેસમેન્ટ પ્રવૃત્તિ

તમામ તાલીમાર્થીઓના બાયોડેટા સાથેનું પ્લેસમેન્ટ બ્રોશર તૈયાર કરવામાં આવ્યું હતું. આ બ્રોશરને ટેસ્ટિંગ લેબોરેટરીઝ, ફુડ ઉદ્યોગ અને રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ જેવા સંભવિત રોજગારદાતાઓને આપવામાં આવ્યું હતું.

તાલીમાર્થીઓને પબ્લિક/પ્રાઇવેટ સેક્ટરમાં નોકરી અંગે કારકિર્દી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પરીક્ષાઓ અને ઇન્ટરવ્યુ માટે કઇ રીતે તૈયારી કરવી તેનું પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પોતાનું બિઝનેસ સ્ટાર્ટઅપ શરૂ કરવા માગતા વિદ્યાર્થીઓને નિષ્ણાંતો દ્વારા ઉદ્યોગ સાહસિકતા અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, તેમને તાલીમ પૂરી થયા પછી પણ મદદની ખાતરી આપવામાં આવી હતી.

## પ્રતિભાવ


-નેન્સી સિંઘ

હું નેન્સી સિંઘ કાનપુરની વતની છું. મેં "લેબોરેટરી આસિસ્ટન્ટ ફોર ઇકો-ફ્રેન્ડલી ફુડ ટેસ્ટિંગ લેબોરેટરી" કોર્સમાં પ્રવેશ લીધો હતો. આ કોર્સમાં જોડાઇને મને ખૂબ ખુશી થઇ. હું અહીં ઘણું શીખી. અહીં રહેવા-જમવાની સુવિધા પણ બહુ સરસ હતી. અમે અનેક લેબોરેટરીઝની મુલાકાત લીધી, જ્યાં અમને નવા સાધનો અંગે શીખવા મળ્યું. અમે ટીમ દ્વારા ગોઠવવવામાં આવેલા અનેક ગેસ્ટ લેક્ચર્સમાં હાજરી આપી. નિયમિત લેક્ચર અને પ્રેક્ટિકલ માંથી નવું જાણવાનું મળ્યું.


-રંજન કુમાર મિશ્રા

હું રંજન કુમાર મિશ્રા બિહારથી આવું છું. મેં GSDP પોર્ટલ દ્વારા CERC, અમદાવાદ ખાતે "લેબોરેટરી આસિસ્ટન્ટ ફોર ઇકો-ફ્રેન્ડલી ફુડ ટેસ્ટિંગ લેબોરેટરી" કોર્સમાં પ્રવેશ મેળવ્યો હતો. કોર્સ ઇનચાર્જ અને ગેસ્ટ ફેકલ્ટી દ્વારા થિયરી લેક્ચર દરમિયાન મને ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ, ફુડ એક્ટ વગેરે અંગે જાણવા મળ્યું. આ કોર્સ માટે મને પસંદ કરનાર કોઓર્ડિનેટર અને અન્ય ટીમ મેમ્બર્સનો હું આભાર માનું છું. આ કોર્સથી મને ભવિષ્યમાં ઘણો લાભ થશે. મને અહીં ધાર્યા કરતાં વધારે શીખવાનું મળ્યું.

## ગેલેરી:




આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ પર
ચંદ્રમૌલી પાઠકનું લેક્ચર



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની
પબ્લિક હેલ્થ લેબોરેટરીની મુલાકાત



વિવિધ ફુડ પ્રોડક્ટ્સનાં ક્વોલિટી
એશ્યોરન્સ અંગે પ્રેક્ટિકલ



ધી રેવાકાંત ગીર ગૌશાળાની મુલાકાત




નરોડા એન્વાયર્નમેન્ટ પ્રોજેક્ટ
લિમિટેડની મુલાકાત



ફોરેન્સિક સાયન્સ
લેબોરેટરી, ગાંધીનગરની મુલાકાત

# ઈવેન્ટસ (એપ્રિલ-જૂન ૨૦૨૧)










પોસ્ટર મેકીંગ કોમ્પીટીશન ઓન ધ થીમ ઓફ ઈકોસિસ્ટમ રેસ્ટરેશન




વેબિનાર ઓન 'રેસ્ટરેશન ઓફ ઈકોસિસ્ટમ'
લિંક ફોર ધ રીપોર્ટ:
http://cercenvis.nic.in/PDF/REPORT%20WED2021.pdf




વેબિનાર ઓન 'એક ભારત શ્રેષ્ઠ ભારત'




ઓપન ક્વીઝ ઓન
'સસ્ટૈનબલ પ્રૅક્ટિસ એન્ડ એન્વાયરમેન્ટ'

&




ઓનલાઈન શોર્ટ વિડીઓ/GIF/ફોટો કોલાજ કામ્પિટિશન ઓન
ધ થીમ ઓફ 'યૉર કાન્ટ્રબ્યૂશન ટવોડ્ર્ઝ સસ્ટૈનબલ લિવિંગ'
લિંક ફોર ધ રીપોર્ટ:
http://cercenvis.nic.in/PDF/Report%20on%20EBSB_CERC%20ENVIS%20RP.pdf




ENVIS ના ટૂંકા નામે જાણીતી ધ એન્વાયર્નમેન્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમનો અમલ છઠ્ઠી પંચવર્ષીય યોજનાના અંતમાં પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા કરવામાં આવ્યો હતો. નીતી નિર્ધારકો, નિર્ણય લેનારાઓ, વિજ્ઞાનીઓ, પર્યાવરણવિદો, સંશોધકો, શિક્ષણવિદો અને અન્ય હિતધારકોમાં એન્વાયર્નમેન્ટલ ઇન્ફોર્મેશન સિસ્ટમ, કોલેશન, સ્ટોરેજ, રીટ્રાઇવલ અને વિતરણ માટે તેનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પર્યાવરણ અને વન મંત્રાલયે “એન્વાર્યનમેન્ટ લિટરસી-ઇકો લેબલિંગ અને ઇકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ”ની માહિતી એકત્ર અને વિતરિત કરવા કન્ઝ્યુમર એજ્યુકેશનએન્ડ રિસર્ચ સેન્ટર (CERC) અમદાવાદની પસંદગી કરી હતી. ENVIS રિસોર્સ પાર્ટનરનો મુખ્ય હેતુ ઇકો પ્રોડક્ટ્સ, આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય ઇકો લેબલિંગ પ્રોગ્રામ્સની માહિતી પ્રસાર કરવાનો છે.

**સામયિકનાં મુદ્રક અને પ્રકાશક**

**પ્રોજેક્ટ કોઓર્ડિનેટર, CERC-ENVIS રિસોર્સ પાર્ટનર, કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર વતી**

૫૦૭-૫૦૮, પાંચમો માળ, સાકાર ૨ બિલ્ડીંગ, એલિસબ્રીજના છેડે, એલિસબ્રીજ શોપિંગ સેન્ટરની પાછળ, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬, ગુજરાત, ભારત, ફોન: ૦૭૯-૬૮૧૮૧૬૦૦/૨૮/૨૯

cerc-env@nic.in, cerc@cercindia.org
www.cercenvis.nic.in
@EcoProductsEcoLabeling
@cerc_envis
@CERC - ENVIS

અમને લખો: અમે તમારા અભિપ્રાય અને સૂચનોને આવકારીએ છીએ. આ મુદ્દે તમારા પ્રતિભાવ મોકલો. ઇકો પ્રોડક્ટ અને ઇકો લેબલિંગ અંગે આપનો યોગદાન આવકાર્ય છે

**સૂચના**

આ ન્યૂઝલેટરમાં પ્રકાશિત કરવામાં આવેલી માહિતી CERC અથવા ENVIS ના અભિપ્રાય રજૂ કરે તે જરૂરી નથી. અહીં પ્રકાશિત કરવામાં આવેલી તસવીરોનો હેતુ ગૌણ સ્રોતમાંથી માહિતી પૂરી પાડવાનો છે.

**મુદ્રણ**

**પ્રિન્ટ એક્સપ્રેસ, અમદાવાદ**